# માસ્ક : સરકાર અને પોલીસ બંને વિવેક ભૂલ્યા !!!

કોરોના સામે લડવામાં ભારત સરકારે સમયોચિત પગલાં લીધા. જેને કારણે આપણા દેશમાં અન્ય દેશોની સરખામણીમાં ધાર્યા કરતાં ઓછું નુકશાન થયું. ગુજરાત સરકારે પણ અદભૂત અને અભિનંદનીય કામગીરી કરી. જેમાં પોલીસે પણ પોતાની ભૂમિકા ખૂબ જ સારી રીતે બજાવી. અત્યારે કોરોનાની અસર ઘણીબધી ઓછી થઇ ગઈ છે. ત્યારે સરકાર અને પોલીસ માસ્કના બહાના નીચે જે કરી રહ્યા છે તેમાં તેમનાથી ચૂક થઇ છે કે ઈરાદો છે, જે હોય તે પણ વિવેક તો નથી જ, નિદનીય છે. અત્યારે માસ્ક નહિ પહેરવા માટે સરકારે કરેલ કાયદો, કાયદાનું મનફાવે તેમ અર્થઘટન અને કાયદાનું પાલન કરાવવા માટે પોલીસના પ્રયત્નોમાં વિવેકહિનતા દેખાય છે.

માસ્કના કાયદાનું પાલન નહિ કરવું એવું કોઈ જ વિચારતું નથી. પણ દરેક સેકન્ડ માટે માસ્ક પહેરવું એ નાગરિકો માટે આરોગ્યના રક્ષણ કરતાં પરેશાની વધારી દે છે. ચશ્માં પહેરતા લોકો માટે તો માસ્કને કારણે ખૂબ જ પરેશાની ઊભી થાય છે. કાચ પર કાર્બન ડાયોક્સાઈડ વાયુ જામી જાય છે, જેથી દેખાય નહિ, કાચ સાફ કરવા પડે વગેરે. નાક પરથી માસ્ક સરકી જાય, ઉધરસ કે છીંક આવે અને માસ્ક નીચે ઉતાર્યું અને પોલીસ દૂરથી પણ જોઈ જાય તો પણ દંડ ભરવાનો. અહી નાગરિકોનો વાંક શું ?

ચાર રસ્તા પર કે બમ્પ હોય ત્યાં કે વળાંક વાળા રસ્તે ઉભી રહીને દંડ વસૂલતી પોલીસને જો દંડ જ વસૂલવો હોય કે સમાજના મોટાભાગના લોકો માસ્ક પહેરે તેમ જ કરવું હોય તો માત્ર વાહન ચાલકો ને જ નહિ રસ્તા પર ચાલતાં લોકોને જૂઓ. ખુલ્લી જાહેર બજારો જુઓ, શાકભાજીનું વેચાણ થતું હોય ત્યાં જુઓ. અરે કોઈ પણ રસ્તો જુઓ , તમે પહોંચ ફાડી ફાડીને થાકી  જશો એટલા લોકો માસ્ક વગર તમને મળશે. ત્યાં દંડ ઉઘરાવવા માત્ર પોલીસના બે માણસોને મોકલો. તમારે જોઈએ તેટલો દંડ મળી જશે. માસ્ક માટે દંડ ઉઘરાવવા માટે બધી જ પોલીસને રોડ પર ઉતારવાની શી જરૂર છે ? શું માત્ર વાહન ચાલકોમાં જ જાગૃતિ લાવવી છે?  માસ્ક માટે રોડ પર ઉતરતી પોલીસ માટે આ સિવાય અગત્યના અગ્રતાના ક્રમે મૂકી શકાય તેવા બીજા કોઈ જ કામ નથી. અરે, પોલીસ અધિકારીઓ તમે માસ્કના કાયદાનો અમલ કરાવવા અને દંડ ઉઘરાવવામાં જેટલી નિષ્ઠા રાખી એટલી નિષ્ઠા ટ્રાફિકના સુચારુ વહન માટે રાખી હોત તો આજે ગુજરાતમાં આટલી ટ્રાફિક સમસ્યા ના હોત. નાગરિકો હરખભેર તમારી નિષ્ઠાને વધાવતા હોત, જેમ તમે કોરોનાકાળમાં ફરજ બજાવી હતી તેમ.  પણ આજે મોટાભાગના નાગરિકો પોલીસની કામગીરી અને વર્તનવ્યવહારથી ત્રાસી ગયા છે એમ કહેવામાં સહેજે અતિશયોકિત નથી.

માસ્ક માટે કરેલ કાયદાનું પાલન કરવામાં નાગરિકોનો સહેજે વિરોધ નથી. પણ કાયદો ઘડનાર સરકાર અને કાયદાનું પાલન કરાવનાર પોલીસના બેવડા ધોરણો અને બંનેના વર્તન વ્યવહાર સામે પણ વિરોધ છે. આજે આઠ-દસ હજાર રૂપિયા કમાતા વ્યક્તિ પાસેથી તમે એક હજાર રૂપિયાનો દંડ ભરાવો ત્યારે તે વ્યક્તિને જે તે મહિના માટે કુટુંબ ચલાવવામાં કેટલી મુશ્કેલી પડતી હશે તેનો વિચાર કરવા જેવો છે. અત્યાર સુધી કારમાં એક વ્યક્તિ બેઠેલ હોય અને માસ્ક ના પહેર્યું હોય તો દંડ લેવામાં નહોતો આવતો. ત્યારે પણ લોકો કાયદાની હાંસી ઉડાવતા જ હતા કે, કારમાં પતિ-પત્ની બેઠેલા હોય તો માસ્ક પહેરવું પડે, નહિ તો દંડ થાય. ત્યારે દલીલ હતી કે, ઘરમાં તો પતિપત્ની સાથે જ રહે છે. આજે વળી કાયદો બદલાયો કે કારમાં એક વ્યક્તિ બેઠેલી હોય તો પણ માસ્ક પહેરવું પડે, ભલે કારના દરવાજો અને બારી બંધ હોય તો પણ. નાગરિકોનો આવી બાબતો સામે વિરોધ છે. અહી કાયદો યોગ્ય રીતે ઘડાયો નથી અથવા તો કાયદાનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. આ માટે પોલીસ દ્વારા દંડ લઈને આપવામાં આવતી પહોંચ જોઈ, તેમાં એક શબ્દ હતો ‘ પરિવહન’. કદાચ કાયદો ઘડવા પાછળનો હેતુ જાહેર વાહનોમાં પરિવહન કે ખુલ્લા વાહનોમાં પરિવહન કે કોરોનાનું સંક્રમણ થઇ શકે એવા વાહનોમાં જેણે માસ્ક ના પહેર્યું હોય તેને દંડ કરવો. પણ કાયદામાં પૂરતી સ્પષ્ટતા નહિ હોય અથવા તો તેનું

અર્થઘટન ખોટું કરીને અત્યારે તો પોલીસ લોકોને હેરાન કરે છે અને સરકારનું ધ્યાન આવી રહેલી સ્થાનિક ચૂંટણીમાં છે.

લોકો તો આ કાયદાની હાંસી ઉડાવતા કહે છે કે, કદાચ હવે સરકાર એવો પણ કાયદો લાવે કે, કારમાં પતિપત્નીએ માસ્ક પહેરવું જેમ ફરજીયાત છે તેમ ઘરમાં પણ પહેરવું પડશે. ભલે તમે ડબલ બેડમાં સૂઈ જતાં હોવ તો પણ માસ્ક પહેરીને સૂઈ જવું.. લોકો તો ત્યાં સુધી કહે છે કે, ઈસરો દ્વારા અવકાશમાં ઉડાડવામાં આવતા રોકેટો ગુજરાતમાંથી નથી ઉડાડતા, નહિ તો આપણી સરકાર તેના માટે પણ માસ્ક ફરજીયાત બનાવે અને ગુજરાતની પોલીસ પચ્ચીસ-પચાસ કિમી હવામાં ઊભા રહીને પણ માસ્ક ચેક કરે !

પોલીસ અધિકારીઓ આજે નીચેના કર્મચારીઓને દરરોજ ટાર્ગેટ આપે છે, ત્યારે પૂછવાનું મન થાય કે શું ઉચ્ચ અધિકારીઓને સરકાર ટાર્ગેટ આપે છે? અરે ટાર્ગેટ જ આપવો હોય તો અન્ય ગુનાખોરી ડામવાનો અને અશક્ત વ્યક્તિઓને મદદ કરવાનો આપોને ? આજના યુવાનો ડ્રગ્સના રવાડે ચડ્યા છે તો ટાર્ગેટ આપોને કે દરેક પોલીસે એક અઠવાડિયામાં એક યુવાનને સુધારવાનો છે. માસ્કને લઈને અપાતા ટાર્ગેટ પોલીસની નિષ્ઠા પર શંકા ઉપજાવે છે. એમાં પણ માસ્ક નહિ પહેરનાર કે ટ્રાફિકનો અન્ય સામાન્ય ગૂનો નહિ પણ ભૂલ કરનાર સાથે કેટલાક પોલીસ જે અવિવેકી અને તુમાખીભર્યું વર્તન કરે છે તેના કારણે બધી જ પોલીસ બદનામ થાય છે. ગયા અઠવાડિયે રાજસ્થાનના અજમેરનો અનુભવ થયો. મારી ભાડાની કારને પોલીસે રોકી, લેડી કોન્સ્ટેબલ અને અન્ય પોલીસ  ડ્રાયવર પાસે આવી. વાત કરવાની શરૂઆત ‘ સર’ કહીને કરી. હું આનંદિત થયો. કારમાંથી નીચે ઊતરીને લેડી કોન્સ્ટેબલને તેના વર્તન વ્યવહાર માટે અભિનંદન આપ્યા. ત્યારે તે લેડી કોન્સ્ટેબલે કહ્યું કે, સર, અજમેર પોલીસ બધા સાથે આ જ વર્તન કરે છે. ત્યારે મનોમન ગુજરાતની પોલીસ યાદ આવી. ગુજરાતની પોલીસ આમ કેમ નથી કરી શકતી. હા, આ અગાઉ આ જ કોલમમાં ગુજરાતની પોલીસને આમ કરવા વિનંતી કરેલી. પરંતુ ગુજરાત પોલીસને તે યોગ્ય લાગતું નથી માટે તેનો અમલ થતો નથી. અજમેર કરે છે !

સરકારે માસ્કનો જયારે કાયદો કર્યો, ત્યારે જરૂર હતી.પણ હવે આ કાયદો લોકોના આરોગ્ય માટે નહી પણ પૈસા ઉઘરાવવા માટે અને ભ્રષ્ટાચાર વધારવા માટે છે તેમ લોકો માને છે. કારણ કે, સત્તારૂઢ પાર્ટીના અનેક કાર્યકરો- નેતાઓ માસ્ક વગર જોવા મળે છે, તેમણે અનેક સભાઓ અને રેલીઓ કાઢી છે જેમાં તેમના કાર્યકરો માસ્ક વગર જોવા મળ્યા છે. પોલીસની હાજરીમાં ! અરે, સરકારની મિટીંગોમાં અધિકારીઓ પણ માસ્કને નીચે ઉતારીને જ ચર્ચા કરતા હોય છે. સરકારના અને પોલીસના મોટાભાગના કાર્યક્રમોમાં છ ફૂટના સોશિયલ ડિસ્ટન્સનું પાલન થતું નથી. તો શું કાયદો માત્ર સામાન્ય નાગરિકો માટે જ છે. સરકાર કેમ વિવેક ભૂલી જાય છે? લોકો તો હવે એવું પણ વિચારે છે કે, સરકારે કોરોના કાળમાં લોકોને મફત સારવાર આપીને ખૂબ જ પૈસા વાપર્યા, હવે માસ્કના દંડ દ્વારા એ પૈસા ભેગા કરે છે.

માસ્ક નહિ પહેરવાને કારણે સરકારે એક હજાર રૂપિયાનો દંડ કર્યો છે. હા, આ જરૂરી હતું, જે તે સમયે. આજે પરિસ્થિતિ બદલાઈ છે ત્યારે તેને હળવું બનાવવાની જરૂર છે. હળવું બે રીતે બનાવી શકાય. પ્રથમ તો દંડની રકમ ઓછી કરવામાં આવે અને બીજું જે પરિસ્થિતિમાં માસ્ક પહેરવાનું હતું તે પરિસ્થિતિ પણ હળવી કરવામાં આવે. સરકાર તાત્કાલિક પોલીસને સૂચના આપે કે કાયદાનું કેવું. ક્યાં, કેટલું અને કેવી રીતે પાલન કરાવવું. આરોગ્યને જાળવવા માટે દંડ કરવામાં આવતો હોય તો તે પૈસાનો ઉપયોગ લોકોમાં જાગૃતિ કે સુધારણા માટે થવો જોઈએ.

**અશોકી** : પોલીસે લાખો નહિ, કરોડો રૂપિયા માસ્કના દંડ પેટે ઉઘરાવ્યા છે. આમાંથી કેટલાક રૂપિયાના માસ્ક ખરીદીને લોકોને આપ્યા હોત તો લોકોના આરોગ્યને વધુ ફાયદો થયો હોત. આજે માસ્ક આરોગ્ય માટે છે કે પૈસા ઉઘરાવવા માટે એ જ ખબર નથી પડતી.